પાનની બીડી.

એક રમુજી વાત.

પ્રગટ કર્તા.

એમ.

સુરત વિકટોરીઆ પ્રેસમાં મ. ભી. એ છાપી.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫.

કીમત–૬ પૈ.

૫૯૨૧

પાનની બીડી.

એકજ પૈની પાનની બીડીથી એક કંગાલ માણસ કેવો સુખી થઇ ગયો તેની વાત જાણવાજોગ છે માટે મન દઇને વાંચો. સુરતમાં એક મનમોહનદાશ નામનો માણસ રેહેતો હતો. તે ત્રીશ વરસના ઉમરનો થયો છતાં તેને લખતાં કે વાંચતાં આવડતું નહોતું. એક પણ હીસાબ તે કરી જાણતો નહીં. એનું કારણ એ કે તેના જનમ થતાંજ તેની મા મરણ પામી. તેના બાપે તેને જેમ તેમ કરીને પાંચ વરસનો કીધો, એટલામાં તો તે પણ મરણ પામ્યો અને મનમોહનને એક દયાળુ પડોશી ગંગાદાશ નામના શેઠે પાળ્યો. તે તેની પાસ ઘરકામ કરાવતો. તે દયાળુ હતો ખરો, પણ લોભી ઘણો હોવાથી મનમોહનને કામ કરવાના બદલામાં ખવાડતો પીવાડતો અને જુનાંપાના કપડાં પેહેરાવતો પણ ભણાવ્યો ગણાવ્યો નહીં. એવા સ્થિતિમાં મનમોહન વીશ વરસની ઉમરનો થયો. એટલે તો આ પાલણપોષણ કરનાર શેઠ પણ ગુજરી ગયો અને મનમોહનને તેના છોકરાએ ઘરમાંથી કહાડી મુકયો. જો કે મનમોહન સારી ચાલનો અને પ્રમાણીક તથા હસમુખા સ્વભાવનો હતો, અને ઘરકામ બહુજ સારી

રીતે કરતો હતો તોપણ પાલણ કરનારા શેઠના છોકરાએ તેને રજા આપી કે તું તારૂં ગમે ત્યાં શોધી લે. એથી તે બહુજ મુઝવાણમાં પડ્યો. તે દીવસ આનંદચૌદશનો હોવાથી ઘણાક લોકો ભીમપોર જતા હતા તેમને જોઇ તે પણ તે તરફ ચાલ્યો કે ભીમપોરીયા નાથને શરણ જાઉં કે તે મને પાર ઉતારશે. એવો વિચાર કરી તે ભીમપોર ગયો. રાતની રાત તો તે હનુમાનના દેહરા આગળ પડી રહ્યો, પણ સવાર થતાંજ દરીએ ગયો અને સ્નાન કીધું. બાદ કેટલોક વખત સુધી લોકોના ટોળામાં ફર્યા કીધું. હવે તો બપોર થવા આવ્યા પણ પાસે એક પઇ નહોતી તેથી ખાવાને માટે ફીકર કરવા લાગ્યો. ફીકરમાં ને ફીકરમાં તેને વીચાર સુઝ્યો કે ગામમાં લોકોએ મુકામ નાંખ્યા છે ને તરફ તપાસ કરૂં કે કોઇ ઓળખીતો પાળખીતો મળે છે.

પછી તે ગામમાં ગયો અને એક શેઠીયાના મુકામના ઓટલા ઉપર માણસોનું ટોળું સોકટાં બાજી રમતું હતું ત્યાં જઇને ઊભો અને રમત જોવા લાગ્યો- તેજ ઓટલાપર તે ટોળાનો આગેવાન શેઠ પરમાનંદદાસ હુકો પીતો હતો તેને જોઇ મનમોહને એક પાનની બીડી બનાવી અને શેઠ પરમાનંદદાસને લાંબો હાથ કરીને "લીજીએ સાહેબ" એમ કહી આપી. શેઠ ઘણો ચકોર હતો. તેણે જાણ્યું કે આ કોઇ ઉંચ વરણનો માણસ છે છતાં એ કંઇ ગરજવાન છે. એમ ધારી તેણે

પાનની બીડી ભારે હેતથી લીધી અને પોતાના મુખમાં મુકી. મનમોહન તો તે બીડી આપીને બે હાથે અદબ કરીને સામો ઊભો રહયો. તેને પરમાનંદદાશ શેઠે પુછ્યું કે ભાઇ, તું કોણ છે? તારૂં નામ ઠામ અને જાત શી છે તે કહીશ? મનમોહને કહ્યું કે હું વાણીયો છું અને સુરતમાં રહું છું. મારા માબાપ નહાનપણુમાંજ મરણ પામવાથી હું શેઠ ગંગાદાશના ઘરમાં રહી ઘરકામ કરતો હતો, પણ તે પણ મારા માઠાં ભાએગે સ્વર્ગવાસી થયા અને તેના છોકરાએ મને આટલી ઉમરે રજા આપી, કેમકે તેને મારો ખાધાખાઇનો અને આવાં ફાટાં તુંટાં કપડાંનો ખરચ ભારે પડ્યો! એથી હું બજરંગદુલાને આશરે અહીંયાં આવ્યો છું. શેઠ પરમાનંદદાશને તેના આ બોલવાથી દયા આવી અને પાસે બેસાડી પુછ્યું કે તેં કંઇ ખાધું છે કે ભુખ્યો છે? મનમોહને જુવાબ આપ્યો કે ગઇ કાલે બપોરે ટુકડો રોટલો અને ટાહાડો ભાત ખવાડીને મને મારા શેઠે રજા આપી હતી તે પછી અંનપાણી વગરનો છું! કપડાં પણ આ અંગપર છે તેજ! પરમાનંદદાશે તેને કહ્યું કે ત્યારે તું બેસ અમે હમણાં જમવા ઉઠીશું ત્યારે તને પણ સાથે લઇ બેશી જમવા દીશું "વારૂ, મેહેરબાન" એમ કહી મનમોહન શેઠની નજીક ઓટલાપર બેઠો.

થોડીકવારમાં ભટજીએ બુમ પાડી કે "ચાલો સાહેબો જમવાને, રસોઇ થઇ છે." એ સાંભળી સઘળાઓ ઉભા થયા

અને જમવાની પંગત પાડી. પરમાનંદદાશ શેઠે મનમોહનને પોતાની સાથે લીધો અને એક બાજુએ બેસાડી દુધપાકપુરી પેટ ભરીને જમાડયાં. જમ્યા પછી સઘળા ઓટલે બેઠા અને પાછા રમવા લાગ્યા. મનમોહને પરમાનંદદાશ શેઠ પાસે રજા માગી. તેણે કહ્યું કે ભાઈ, અમે અહીંયાં છૈએ, ત્યાં લગણ આવજે અને જમી જયા કરજે. "બહુ સારૂ દયાળુ માબાપ" એમ કહીને મનમોહન સમુદ્ર કીનારે ગયો અને લોકોના ટોળામાં ફરવા લાગ્યો. મનમાં વીચાર આવ્યો કે આઃ હા! એક પઈની પાનની બીડીએ મને કેવું સુંદર ભોજન જમાડયું! અને તે પણ વળી માનસહીત મળ્યું! માટે પાનની બીડી આ-જકાલ જે ધારે તે કરી શકે. માટે પેલો ધર્મપુરનો રાજકુમા ર ટોળું વાળીને બેઠો છે, તેની આગળ જઈ એક પાન બીડી આપું, અને જોઉં કે તેથી શું પરીણામ આવે છે. રાજકુમાર સૂર્યવંશી મહારાજાના પુત્ર છે તેથી હાથ છેક ખાલી તો જશે નહીં, પછી તો મારૂં નશીબ; પણ એકવાર પાનની બીડીથી ભાગ્ય અજમાવી તો જોઊં. પછી એક સુંદર પાનની બીડી પોતાની ચમચીમાંથી પાન વગેરે કાઢી બનાવી અને રાજકુ-મારની સામો જઈ અદબ કરીને ઉભો. રાજકુમારની નજર મનમોહન ઉપર પડતાંજ તે બોલ્યો કે ભાઈ, તમે કોણ છો? મનમોહને બે હાથ જોડીને જુવાબ દીધો કે આપની રઈયત છું માબાપ. રાજકુંવર આવું મીઠું વચન સાંભળી મનમોહન

પર રાજી થયો અને ફરીને પુછ્યું કે તમારે કંઇ કહેવું છે ? મનમોહને કહ્યું કે આટલી મારી ભેટ અંગીકાર કરો તો હું બહુ જ રાજી થાઉં, એમ કહી અદબની સાથે પાનની બીડી ધરી. અતી હેત સહીત આ બીડી મનમોહને આપી તે રાજાને બહુ જ પસંદ પડી અને તે તેના હાથમાંથી લઇ તુરતજ પોતાના મુખમાં મુકી. તેના પ્રધાને અત્રે આ વેળા શંકા કરી કે કોઇ અંજાણ્યાના હાથનું આપ રાજકુંવર જેવા માણસે ખાવું નહીં જોઇએ, કેમકે વખતે એમાં કપટ હોય. કુંવરે તેની શંકાનું નીવારણ કીધું કે તું સમજુ થઇને કેમ ભુલે છે ? જે કપટ કરવા આવે તે આવા જન મંડળની વચમાં ખોળે દહાડે કદી પણ આવે નહીં. આ માણસના ચેહેરે તથા લાવણ્યતા જોતાં એ કંઇ પણ કપટ કરવા આવેલો છે એમ મારૂં અંતઃકરણ માનતું નથી. એમ કરતાં કપટ હશે તો જીવ જશે, જે વેહેલો મોડો તો જવાનોજ છે. તે પછી મનમોહન તરફ જોઇ રાજી મુખાર્વિંદ તેને પુછ્યું કે તમે શી જ્ઞાતના છો ? અને તમને શું અરજ કરવી છે ? મનમોહને જુવાબ આપ્યો કે હું જાતે વણિક છું અને સૂર્યપૂરમાં રહું છું. છતાં મને દળદર વળગ્યું છે તેમારો પીછો છોડતું નથી ! મારા બાળપણમાં એ ચંડાળે મારા માતપિતાને ખાધાં ! અને હવે મારાં અંનવસ્ત્ર ઉપર એણે હાથ નાંખી તે વગરનો મને કીધો છે.

રાજકુમાર સુર્યવંશી ધર્માત્મા નર હોવાથી તેણે વિચાર કીધો કે આવા ભલા માણસને એકાદ નોકરી આપીએ તો બને તેવું છે. અને અહીં ભાવે સહીત ખવાડેલી પાનની બીડીનો પાડ મારા જેવો રાજકુંવરજ નહીં માને તો બીજો કોણ માનશે? એવો વિચાર કરી તેણે મનમોહનને ફરમાવ્યું કે તમે જો મારા રાજમાં નોકરી માગતા હો તો મારા મોદીખાનામાં રૂ ૧૫)ના પગારની જગો છે તેપર તમને રાખું. મનમોહને સાસ્ટાંગ ડંડવત કરીને હાથ જોડી કહ્યું કે! એ મારા ધર્મના પિતા, એટલું અંન મળે તો પછી મારે બીજું કંઇ જોઇતું નથી. રાજકુમારે કહ્યું કે ત્યારે તો આજથીજ અમારી પાસે રહો. અમારા ઉતારામાં તમને રાખીશું અને કાલે ધર્મપૂર અમે જઇશું તે તમને લેતાં જઇશું. મનમોહન અત્યંત આનંદથી પગે પડી બોલ્યા કે "મારા અંન દાતા" હું આપના ચર્ણાવિંદ નિચે રહેવાને તઇયાર છું. પછી તે બેઠો. સાંજ પડતાંજ રાજકુમાર ઉઠયાં, તેની પાછળ પાછળ તેમને ઉતારે ગયો. કારભારીને તેને માટે કુંવરે ભલામણ કરી કે એને મુકામ અને બીછાનું તથા સારાં વસ્ત્ર આપો અને એને ધરમપૂર સાથે લો. કારભારીએ પછી તેને રેહેઠાણ, બીછાનું અને સાંચે કપડાં આપ્યાં અને રાત ત્યાં કહાડી. સવાર થતાંજ કુંવરનો મુકામ ઉઠયો તેવારે મનમોહનને પણ એક ગાડામાં બેસાડી લીધો. બે દીવસે પગરસ્તે ધર્મપૂર પોહોંચતાંજ મનમો

હનને મોદીખાનાનો મોદી બનાવ્યો. મનમોહને એક નિષ્ઠા થી તે કામ બજાવવા માંડયું. સર્વ સરકારી માણુસોને તોલમાં જરા પણ ઓછું આપતો નહીં તથા ખોરાક સારો પણ સારો સફાઇ આપતો. એથી તમામ સરકારી દરબારીઓની તેની પર બહુજ ચાહેના વધી. આગલો મરનાર મોદી તો મણના આડત્રીશ શેર આપતો અને વળી ઘી, તેલ ખોરાં અને અનાજ પાણી પણ હલકી જાતનાં આપતો. પણ આ તો સઘળી ચીજો સારી અને બરોબર આપતો. એથી એને માટે કંઇ પણ ફરીયાદ ન આવવાથી ત્રણ મહીનાની મુદતમાં તો એનો પગાર રૂ ૨૦) નો રાજાએ કીધો. એ શીવાય બીજી કસકસર મળવા લાગી. વળી હસમુખા સ્વભાવનો હતો તેથી સરકારી અમલદારો એને બહુજ ચહાવા લાગ્યા. એવામાં દીવાળી આવી તે ટાંકણાંપર બેસતે વરસે જેને ઘેર ગયો ત્યાંથી એને બોહોણીઓ મળી. એ દીવસે ૯૭) રૂપીયા તેને બોહોણામાં મળ્યાં. રાજાએ તો એને રૂ ૫૦૦)ની કાંમતનું એક મકાન બક્ષીસમાં આપ્યું અને કેટલોક પોશાક આપ્યો.

મનમોહનની આવી ચઢતી દશા જોઇને સુરતનો તેની ન્યાતનો એક વેપારી નામે માણવલ્લભદાશ કાપડ વેચવાને ધર્મપૂરમાં હંમેશ આવતો તે આ વેળા પણ આવ્યો હતો તે બહુ-અચંબો પામ્યો કે પારકે ઘેર મજુરનું કામ કરતો હતો તે મનમોહન તો આજે મનમોહનદાશ શેઠ થઇ પડયો છે! અને

ઘરબાર વગેરે સમ્રદ્ધી પણ પામ્યો છે ! માટે આપણી કન્યા જે બાર વરસની થઇ ગઇ છતાં કંઇ ઠેકાણું જડતું નથી મા ટે તે એનેજ પરણાવીએ. પછી તેણે જે ઘરમાં ઉતર્યો હતો ત્યાં મનમોહનદાશને તેડાવ્યો અને પોતાની કન્યા પરણાવવાની ઇચ્છા જણાવી. મનમોહનદાશને તો એટલુંજ જોઇતું હતું. તેણે તેમ કરવાની હા કહેતાંજ પ્રાણવલ્લભદાશે પોતાની કન્યાના વાહવા ત્યાંજ કીધાં. લગન પણ તેજ દીવસે રાજાના જોશી પાસે જોવાડયાં અને સુરત આવી લગનનો આરંભ કીધો. બાદ મનમોહનદાશને કંકોત્રી મોકલી એટલે તે વરજાન લઇને આવ્યા અને રૂડી રીતે લગન કીધાં. તેને વીદાએ કીધો અને ધર્મપુરમાં આવ્યો. એકજ વરસમાં તેને ત્યાં શોમંત આવ્યું અને છોકરો થયો. રાજાએ લગન અને શીમંતને અવસરે તેને મોટી મોટી રકમો ચાંલા તરીકે આપી અને મનમોહનદાસ એ પછી ભારે ઘરબાહરી અને કુટુંબ કબીલાવાળો થયો અને તેની આબરૂ દેશ પ્રદેશમાં બહુજ વધી. એ પ્રમાણે એક પઇની પાન બીડીએ તેને કેટલો બધો સુખી કીધો !

સમાપ્ત.

પચરંગ.

નસીબની બલીહારી નામની બોધદાયક વાર
કીંમત આના બે. **થોડા દીવસમાં બહાર પડશે.**

* *

ચંડાળ ચોકડી—એક રમુજી વારતા-કીમત છ પૈ.

* *

અવકાશ વિલાસ યાને રમુજી ટુચકાઓનો સ
ગ્રહ—કીંમત આના ચાર.

* *

ગાયનમાળા કે જેમાં રાગ રાગણીથી ભરપુર ગ
યનો સમાવેલાં છે—કીંમત આના ચાર.

* *

જૈન કાવ્ય સંગ્રહ—જૈન ધર્મિઓ માટે સ્તવ
વિગેરેથી ભરપુર પુસ્તક—કીંમત રૂ. ૧.

* *

ઉપલી ચોપડીઓ સુરત વિકટોરિયા પ્રેસમાંથી મળ

* *

સૌથી સ ...રસ ...ને ટકાઉ **શાહી** ...